ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ,
મુન્દ્રા રોડ, ભૂજ–કચ્છ. ૩૭૦૦૦૧
Email:- info@kskvkachchhuniversity.org

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૬
ફેક્સ (૦૨૮૩૨) ૨૩૫૦૧૨
web : kskvkachchhuniversity.org

રેફ:નં.:ક.યુ./BUTR/૦૯/ 1041-1051

તા.૧૨–૦૫–૦૯

પ્રતિ,

.........................

સભ્યશ્રી,
BUTR,
કચ્છ યુનિવર્સિટી,
ભૂજ – કચ્છ

વિષય:– તા. ૨૩/૪/૨૦૦૯ના રોજ મળેલ BUTRની મિટીગની મિનીટસ નોંધ મોકલવા બાબત.

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે તા.૨૩/૪/૨૦૦૯ના રોજ મળેલ Board of university teaching & Researchની મિટીગની મિનિટસ નોંધ આ સાથે મોકલાવી રહયા છીએ જે વિદીત થવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

કુલસચિવ

**તારીખ ૨૩મી એપ્રિલ '૨૦૦૯નાં રોજ માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષસ્થાને મળેલ Board of University Teaching and Research ની મિટિંગની મિનિટ્સ નોંધ:-**

તા.૨૩/૪/'૦૯નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે સમય ૩:૩૦ કલાકે માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષસ્થાને બોર્ડ ઓફ યુનિવર્સિટી ટિચિંગ એન્ડ રીર્સચની દ્વિતીય બેઠક મળેલ હતી. જેમાં નીચે મુજબ સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

| ક્રમ | સભ્યશ્રીઓનું નામ | હાજર / ગેર હાજર |
|---|---|---|
| ૧ | ડૉ. કે.વી. ગોર. —માનનીય કુલપતિશ્રી. | હાજર |
| ૨ | ડૉ. દર્શના બેન ધોળકીયા. —ડીનશ્રી, આર્ટસ ફેકલ્ટી. | હાજર |
| ૩ | ડૉ. બી.એસ. પટેલ. —અધ્યક્ષશ્રી, શિક્ષણશાસ્ત્ર વિભાગ. | હાજર |
| ૪ | ડૉ. શ્રીધર રાજેશ્વરન. —અધ્યક્ષશ્રી, અંગ્રેજી વિભાગ. | ગેર હાજર |
| ૫ | ડૉ. તુષાર આર. હાથી. —અધ્યક્ષશ્રી, અર્થશાસ્ત્ર વિભાગ. | હાજર |
| ૬ | ડૉ. કે.એમ. ત્રિવેદી. —અધ્યક્ષશ્રી, સંસ્કૃત વિભાગ. | હાજર |
| ૭ | ડૉ. એમ.જી. ઠક્કર. —અધ્યક્ષશ્રી, અર્થ. અને એન્વા. વિભાગ | હાજર |
| ૮ | ડૉ. પી.એસ. હિરાણી. —અધ્યક્ષશ્રી કોમ. અન્ડ મેને. વિભાગ. | હાજર |
| ૯ | ડૉ. જી.એ. બક્ષી. —અધ્યક્ષશ્રી, કેમેસ્ટ્રી વિભાગ. | હાજર |
| ૧૦ | ડૉ. સુભાષ ભંડારી —રીડર, અર્થ. અને એન્વા. વિભાગ. | હાજર |
| ૧૧ | ડૉ. બાલાજી રંગનાથન. —રીડર, અંગ્રેજી વિભાગ. | હાજર |

માનનીય કુલપતિશ્રીએ સૌ સભ્યશ્રીઓને આવકાર્યા હતા ત્યારબાદ મિટીગને આગળ ધપાવવા કુલસચિવને આદેશ આપેલ.

એજન્ડા અનુસાર નીચે મુજબ ચર્ચા વિચારણા બાદ નિર્ણયો લેવામાં આવ્યા.

K. S. K. V. KACHCHH UNIVERSITY
BHUJ

**ગત મિટિંગની મિનિટ્સ નું વાંચન અને બહાલી :**

ગત મિટિંગની મિનિટ્સ નીચે મુજબના સુધારાઓ સાથે મિનિટસ્‌ને બહાલ રાખવામાં આવી.

ઠરાવઃ ૧ જે વિષયમાં આ યુનિવર્સિટીના ગાઈડ ઉપલબ્ધ હોય ત્યાં **ExternalGuide** સાથે જે તે વિષય/વિભાગના અધ્યક્ષ **co-Guide** ની ભૂમિકા અદા કરશે. હવે પછી નોંધાનાર તમામ ગાઈડ અને વિદ્યાર્થીઓને આ લાગુ પડશે તથા જે વિષયના ભવનો યુનિવર્સિટીમાં કાર્યરત ન હોય તે વિષયમાં **External Guide ship** આપવી નહી તેવું ગત મિનિટસ્ ના ઠરાવ નં.૩ ના પારા બે અનુસંધાને ઠરાવવામાં આવે છે.

ઠરાવઃ ૨ રીડર અને પ્રોફેસર આ યુનિવર્સિટી નાં ગાઈડ બને છે. જયારે, આ યુનિવર્સિટી માં જોડાયેલ પૂર્ણ સમયના વ્યાખ્યાતાઓ ત્રણ વર્ષના અનુભવ બાદ **UGC** ના ધારા–ધોરણમાં આવતાં હોય તો, તેઓની એપ્લીકેશન **BUTR** માં મુકયા બાદ યોગ્ય જણાયે ગાઈડશીપ આપવા નિર્ણય લેવાશે એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ઠરાવઃ ૩ સત્ર ફી સાથે સત્ર ફીના ૧૦% લેખે ત્રણ માસ સુધી લેઈટ ફી સ્વીકારી શકાશે. ત્રણ માસ બાદ ફી સ્વીકારવામાં આવશે નહી અને વિદ્યાર્થીનું રજિસ્ટ્રેશન રદ્દ કરવામાં આવશે. ત્યારબાદ વિદ્યાર્થી નવેસરથી રજિસ્ટ્રેશન કરાવી શકશે.જેમાં તેણે નવી પ્રક્રિયામાથી પસાર થવું પડશે એમ સર્વાનુમતે ઠરાવવામાં આવે છે."

ઠરાવઃ ૪ **Synopsis** સબમીટ કરાવ્યાના એક વર્ષ સુધી માં વિદ્યાર્થી થીસીસ સબમીટ કરવાથી ચૂકી જાય તો તેણે ફરીથી **Synopsis** ની નકલ જમા કરાવવાની રહેશે નહી પરંતુ માત્ર ફી જમા કરાવવાની રહેશે તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

ઠરાવઃ ૫ **RDC** એ માન્ય કરેલાં **Ph.D.** રિસર્ચ ટાઈટલ માં નજીવા ફેરફાર કરાવવા ઈચ્છતા વિદ્યાર્થીએ માર્ગદર્શકશ્રી, ડીપાર્ટમેન્ટ હેડ અને ડીનશ્રીની પૂર્વ મંજૂરી થી નિયત ફોર્મ ભરી એક હજાર રૂપિયા ફી ભર્યા બાદ નજીવો ફેરફાર કરી શકાશે એવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

આમ ઉપરોકત સુધારાઓ સાથે ગત મિટિંગની મિનિટ્સને બહાલી આપવામાં આવેલ.

२)   **Co-Opt. કરવાના થતા બે સભ્યો અંગે ચર્ચા–વિચારણા અને નિર્ણય :**

ગત મિટિંગમાં થયેલ ચર્ચા મુજબ અત્રે મળેલ જુદાં જુદાં વ્યકિતનાં બાયોડેટા સૌ સભ્યશ્રીઓ સમક્ષ રજૂ કરવામાં આવેલ જેમાં ગહન ચર્ચા વિચારણા કરવામાં આવી કે સંશોધન ક્ષેત્રે સારૂં એવું કામ કરતા હોય તેના પર ભાર મૂકવો જેથી યુનિવર્સિટીમાં સંશોધનને લગતી કામગીરીમાં વેગ આવે અને દરેક ક્ષેત્રને આવરી લેતા સંશોધનો શરૂ થઈ શકે. આમ ચર્ચાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ: ૬   **આ યુનિવર્સિટીની BUTR માં સ્ટેચ્યુટ – 89 ની કલમ 1-(VII) અન્વયે Co-Opt. કરવાનાં થતાં બે સભ્યોમાં નીચે મુજબ સભ્યોની નિયુક્તિ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

**૧) ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની – ડાયરેકટરશ્રી, એકેડેમિક સ્ટાફ કોલેજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.**

**२) પ્રો. લક્ષમણસિંહ ચમયાલ – પ્રોફેસરશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ જીઓલોજી, M.S.University Baroda.**

૩)   **Ph.D. રજિસ્ટ્રેશન અંગેના સુધારેલાં ફોર્મને આખરી કરવાં.**

ઠરાવ: ૭   **Ph.D. ના રજિસ્ટ્રેશન માટે વિદ્યાર્થીએ ભરવાના થતાં ફોર્મના સુધારેલા નમૂનાને આખરી કરવા બાબતે ચર્ચા કરવામાં આવી જેમાં નજીવા ફેરફારો સૂચવી ફોર્મને લાગુ કરવા સર્વાનૂમતે ઠરાવવામાં આવેલ.**

૪)   **Synopsis અને થીસીસ જમા કરાવતી વખતે વિદ્યાર્થીએ ભરવાના થતા ફોર્મના નમૂનાને આખરી કરવા તથા તેમની કિંમત નક્કી કરવા.**

ઠરાવ: ૮   **Synopsis અને Thesis જમા કરાવવાના ફોર્મના નમુનાને જરૂરી નજીવા સુધારા સાથે આખરી કરવામાં આવે છે તેની કિંમત રૂ.૧૦૦/– નિર્ધારીત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૫)   **નવી નિયત કરેલી ફી ના અમલ બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય:**

ઠરાવ: ૯ આથી ઠરાવવામાં આવે છે કે નવી નિયત કરેલ ફી તા.૨૩/૪/૨૦૦૯ થી તાત્કાલિક અસરથી લાગુ કરવાની રહેશે. જે રજિસ્ટર્ડ થયેલ અને હવે પછી રજિસ્ટર્ડ થનાર તમામને લાગુ થશે તેના દરેક હેડ હેઠળના દર નીચે મુજબ રહેશે.

| | |
|---|---|
| ફોર્મ ફી | રૂા. ૧૦૦ (પ્રત્યેક ફોર્મ દીઠ) |
| રજિસ્ટ્રેશન ફી | રૂા. ૧૦૦૦ (એક વખત) |
| ટ્યુશન ફી | રૂા. ૧૩૦૦ (સત્ર દીઠ) |
| લાયબ્રેરી ફી | રૂા. ૨૦૦ (સત્ર દીઠ) |
| લેબોરેટરી ફી | રૂા. ૫૦૦ (સત્ર દીઠ) (જ્યાં લેબની જરૂરિયાત હોય ત્યાં) |
| અન્ય ફી ગાઈડ ફી | રૂા. ૧૫૦ (સત્ર દીઠ) |
| યુનિ. ડેવલોપમેન્ટ ફી | રૂ. ૧૦૦ (સત્ર દીઠ) |
| કોશન મની | રૂા. ૧૦૦ (સત્ર દીઠ) |

અગાઉ રજિસ્ટર્ડ થયેલ સંશોધકે હવેની તારીખથી ભરવાની થતી સત્ર ફી ઉપર મુજબ ભરવાની રહેશે. ફોર્મમાં આ ફી નું માળખું છાપવાનું રહેશે.

૬) **માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા સંબંધી ફોર્મના સુધારેલા નમૂનાને આખરી કરવા અને તેની કિંમત નક્કી કરવા ચર્ચા–વિચારણા અને નિર્ણય.**

ઠરાવ: ૧૦ **આથી ઠરાવવામાં આવે છે કે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતાના નવા સુધારેલા ફોર્મને આખરી કરવામાં આવે છે તથા તેને તા.૨૩/૪/૨૦૦૯ થી તુરત લાગુ કરવા જણાવાય છે. આ ફોર્મની કિંમત રૂા.૧૦૦/– નક્કી કરવામાં આવે છે.**

૭) **અધ્યક્ષ સ્થાનેથી જે રજુ થાય તે.**

અર્થશાસ્ત્ર વિષયમાં માર્ગદર્શક ડૉ. તુષાર આર. હાથીના માર્ગદર્શન હેઠળ નિયત સમય પૂર્ણ થતા સંશોધક શ્રી ભાવેશ ભટ્ટ દ્વારા સિનોપસીસ જમા થયેલ જેની નકલ સર્વ સભ્યશ્રીઓને આપવામાં આવેલ. જે અંગે ચર્ચા થયા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવેલ.

ઠરાવ: ૧૧ **અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી.ના વિદ્યાર્થી તરીકે ડૉ. તુષાર આર. હાથી ના માર્ગદર્શન હેઠળ નોંધાયેલ શ્રી ભાવેશ ભટ્ટની સિનોપસીસ સર્વાનુમતે મંજુર રાખવામાં આવે છે.**

અન્ય કોઈ મુદ્દા ઉપસ્થિત ન થતાં મિટિંગ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

(Anil Gor)
REGISTRAR
K.S.K.V. Kachchh University
Bhuj-KACHCHH.